---

**<u>ફો.કે.નં. ૪૯૩૧૫ / ૨૦૧૮ ના કામે આંક–૧ લગત હુકમ</u>**

આ કામના ફરીયાદીએ આરોપી સામે ધી પ્રોહી. એકટની કલમ ૬૬(બી), ૬૫(એ)(એ) મુજબની ફરીયાદ જાહેર કરતાં ઉપરોકત ફોજદારી કેસ નંબરથી રજીસ્ટરે લેવામાં આવેલ છે. સદર કામના આરોપી ઘણા લાંબા સમયથી ગેરહાજર રહેતાં હોય તેઓના વિરૂધ્ધ સમન્સ / વોરંટ કાઢવામાં આવતાં તે સમન્સ / વોરંટ પાછળ થયેલ શેરા મુજબ સદર કામના આરોપી અવસાન પામેલા હોય અને તે બદલ તેઓના મરણના દાખલાની ઝેરોક્ષ નકલ રજુ થયેલ છે. આમ, સદર કામના આરોપી અવસાન પામેલા હોય તેઓ વિરૂધ્ધ આ કેસનું કામ આગળ ચલાવવાનું રહેતું ન હોવાથી આરોપી સામેનો કેસ એબેટ કરવામાં આવે છે. સદર કામે કબજે થયેલ મુદ્દામાલ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ ૧૪–૧૨–૨૦૧૯.
અમદાવાદ

**( જીજ્ઞેશ જી. દામોદ્રા )**
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૩, અમદાવાદ.
યુનિક કોડ નં. જીજે–૦૦૯૯૬.